**જાહેરાત ક્રમાંક – ૨૪/૨૦૨૫ અન્વયેની ક્લાર્ક કમ ટાઈપિસ્ટ, ટાઈપિસ્ટ, જુનિયર સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨, ટેકનિકલ આસિસ્ટન્ટ (કોમ્પ્યુટર), ટેકનિકલ આસિસ્ટન્ટ (લાયબ્રેરી) અને અધિક મદદનીશ ઈજનેરની જગ્યાઓ માટેની લેખિત પરીક્ષા અંગેની સૂચનાઓ**

**૧) જગ્યાનું નામ – ક્લાર્ક કમ ટાઈપિસ્ટ, ટાઈપિસ્ટ, જુનિયર સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨, ટેકનિકલ આસિસ્ટન્ટ (કોમ્પ્યુટર), ટેકનિકલ આસિસ્ટન્ટ (લાયબ્રેરી) અને અધિક મદદનીશ ઈજનેર**

**૨) પરીક્ષાની તારીખ – તારીખ ૦૯/૦૮/૨૦૨૬**

**૩) રીપોર્ટીંગ સમય – સવારે ૧૦.૦૦ વાગ્યે**

**૪) પરીક્ષાનો સમય – સવારે ૧૧.૦૦ વાગ્યે**

**૫) પરીક્ષાનું સ્થળ – ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્ડ આઈ. ટી., હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી કેમ્પસ, પાટણ**

| ક્રમ | સુચનાઓ |
|---|---|
| ૧ | લેખિત પરીક્ષા અંગેનો હોલ ટીકીટ / કોલ લેટર યુનિવર્સિટીની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે. |
| ૨ | લેખિત પરીક્ષા અંગેનો હોલ ટીકીટ / કોલ લેટર **તા.૩૧/૦૭/૨૦૨૬ના રોજ બપોરે ૦૨.૦૦ વાગ્યેથી** ડાઉનલોડ કરી શકાશે. |
| ૩ | યુનિવર્સિટી વેબસાઈટ પર સીટ નંબરની યાદી મૂકવામાં આવશે. |
| ૪ | **ક્લાર્ક કમ ટાઈપિસ્ટ, ટાઈપિસ્ટ, જુનિયર સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨, ટેકનિકલ આસિસ્ટન્ટ (કોમ્પ્યુટર), ટેકનિકલ આસિસ્ટન્ટ (લાયબ્રેરી) અને અધિક મદદનીશ ઈજનેર મુજબની જગ્યાઓ માટે પ્રથમ લેખિત પરીક્ષા કોમન રહેશે.** |
| ૫ | **ઉક્ત મુજબની જગ્યાઓ પૈકી જે ઉમેદવારોએ ૦૧ (એક) કરતા વધારે જગ્યાઓ પર ઉમેદવારી નોંધાવેલ હોય તેવા ઉમેદવારો માટે લેખિત પરીક્ષાનો સીટ નંબર કોમન રહેશે. જે અંગેની રજીસ્ટ્રેશન નંબર અને સીટ નંબરની યાદી વેબસાઈટ પર મુકવામાં આવશે. આથી આ પ્રકારના ઉમેદવારો લેખિત પરીક્ષાની કોમન હોલ ટીકીટ / કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.** |
| ૬ | યુનિવર્સિટીની વેબસાઇટ પર હોલ ટીકીટ / ડાઉનલોડ કરવા અર્થે લોગ ઈન કરવા માટે User ID તરીકે સીટ નંબર અને પાસવર્ડ તરીકે ઉમેદવારે અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબરનો ઉપયોગ કરવાનો રહેશે. |
| ૭ | **ઉમેદવારે લેખિત પરીક્ષા માટેના પરીક્ષા કેન્દ્ર ખાતે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.** |
| ૮ | પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે ઉમેદવારે યુનિવસિટીની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ હોલ ટીકીટ / કોલ લેટરમાં પોતાનો કલર ફોટો ચોંટાડી પરીક્ષા સમયે પોતાની સાથે અચુક લાવવાનો રહેશે અન્યથા ફોટો વગરના હોલ ટીકીટ / કોલ લેટર લઈને આવેલ ઉમેદવારોને લેખિત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. ઓનલાઇન અરજીમાં જેવો ફોટો અપલોડ કરેલ હોય તદ્દન તેવો જ ફોટો હોલ ટીકીટ / કોલલેટરમાં ચોંટાડવો ફરજીયાત છે. |
| ૯ | પરીક્ષામાં હાજરી આપતી વખતે ઉમેદવારની ઓળખ માટે ચુંટણી કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ અને આધારકાર્ડ પૈકી કોઈપણ ૦૧ (એક) ફોટાવાળું ઓળખપત્ર અસલમાં તથા તેની ૦૧ (એક) નકલ સાથે રાખવાની રહેશે. |

| | |
|---|---|
| ૧૦ | ઉમેદવારને પરીક્ષાખંડમાં જે OMR Sheet આપવામાં આવશે, તેની ઉપર નિયત કરેલ જગ્યાએ ઉમેદવારે ફરજીયાતપણે સહી કરવાની રહેશે. |
| ૧૧ | પરીક્ષાના દિવસે આપને ફાળવેલ પરીક્ષા કેન્દ્રના મુખ્ય પ્રવેશદ્વાર ખાતે સવારે ૧૦:૦૦ કલાકે ઉપસ્થિત થવાનું રહેશે અને સિકયુરીટી સ્ટાફ દ્વારા ચકાસણી થયા બાદ આપને ફાળવેલ વર્ગખંડમાં આપની બેઠક ઉપર સવારે ૧૦:30 કલાકે હાજર થવાનું રહેશે. |
| ૧૨ | સવારે ૧૦:30 કલાક પછી ઉમેદવારને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહી. |
| ૧૩ | ઉમેદવારોએ આપવામાં આવેલ OMR શીટમાં સીટ નંબર આંકડામાં દર્શાવવાનો રહેશે તથા OMR શીટમાં જે તે પ્રશ્નના ક્રમ સામે દર્શાવેલ ઉત્તર A/B/C/D/E પૈકી યોગ્ય જવાબના ખાનામાં બ્લુ/બ્લેક બોલ પેનથી સંપૂર્ણ આ પ્રમાણે ● ઘુંટીને યોગ્ય જવાબ દર્શાવાનો રહેશે. |
| ૧૪ | OMRના મૂલ્યાંકન માટે આપના ખોટા જવાબ, ૦૧ (એક) કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક, અધૂરું ઘૂંટેલ વર્તુળ તથા છોડી દીધેલ જવાબોને નેગેટીવ માર્કિંગ આપવામાં આવશે. |
| ૧૫ | ઉમેદવાર જો OMR શીટ ભરવામાં ભૂલ કરશે તો OMR શીટ રદ ગણીને કોમ્પ્યુટર દ્વારા ચકાસણી થશે નહિ, જેની તમામ જવાબદારી ઉમેદવારની અંગત રહેશે. OMR શીટ ઉપર અન્ય કોઈ લખાણ કે ઓળખ અંગેના ચિહ્ન કરવા નહી અન્યથા ઉમેદવારને યુનિવસિટી દ્વારા ગેરલાયક ઠરાવવામાં આવશે. |
| ૧૬ | OMR શીટ માં જવાબ દર્શાવવા માટે બ્લુ/બ્લેક રંગની બોલ પેનનો ઉપયોગ જ કરવાનો રહેશે અન્ય રંગની બોલ પેનનો ઉપયોગ પ્રતિબંધિત છે. પેન્સિલનો ઉપયોગ ક્યોં હશે તો ક્ષતિયુક્ત OMR શીટ રદ ગણીને કોમ્પ્યુટર ચકાસશે નહિ તો તે અંગેની જવાબદારી ઉમેદવારની રહેશે. સફેદ શાહી (વ્હાઈટનર) નો ઉપયોગ પ્રતિબંધિત છે |
| ૧૭ | ઉમેદવારે લેખિત પરીક્ષાની શરૂઆતમાં હોલ ટીકીટ / કોલલેટરની નીચેના ભાગનું અડધિયું, ઓળખપત્રની ૦૧ (એક) નકલ તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી પોતાની OMR શીટ પરીક્ષાખંડના નિરીક્ષકશ્રીને પરત સોંપ્યાબાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે અને ફોજદારી સહિતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર બનશે. |
| ૧૮ | ઉમેદવાર પરીક્ષાખંડમાં પ્રવેશપત્ર, પેન, સાદી કાંટાવાળી ઘડિયાળ અને ઓળખના અસલ પુરાવા અને તેની ૦૧ (એક) નકલ સિવાય કોઈ પણ ચીજવસ્તુઓ સાથે રાખી શકશે નહી. ઉમેદવારે કોઈ પણ પુસ્તક, કાગળ, સાહિત્ય, સ્માર્ટવોચ, મોબાઇલ (સ્વીચ ઓફ કે સાઇલેન્ટ મોડમાં કરેલ હશે તો પણ), કેલ્ક્યુલેટર, બ્લૂટૂથ, ઇયર ફોન વગેરે જેવા કોઈ પણ વિજાણું સાધનો રાખવા નહીં. આવી વસ્તુઓ ઉમેદવારની પાસેથી મળી આવી તો સદર ઉમેદવાર ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ સદર વસ્તુઓ જપ્ત કરવામાં આવશે અને શિસ્તભંગના ફોજદારી પગલાં લેવામાં આવશે. |
| ૧૯ | ઉમેદવારે રફ કામ પ્રશ્ન પુસ્તિકામાં પાછળની બાજુએ કરવાનું હોવાથી અલગ રફ શીટ આપવામાં આવશે નહી તેમજ ઉમેદવાર પોતે પણ રફ કામ માટે અલગથી કાગળ લાવી શકશે નહીં. |
| ૨૦ | ઉમેદવાર ગેરરીતિ / ગેર શિસ્ત આચરતા જણાશે, તો ઉમેદવારને ગેરલાયક ઠેરવવા ઉપરાંત, ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મૂકવા ઉપરાંત ફોજદારી પગલાં સહિતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર રહેશે. |
| ૨૧ | ઉમેદવારોને લાંચ, રુશ્વત, લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક પ્રવુતિઓથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે. |

| | |
|---|---|
| **૨૨** | પરીક્ષા ચાલુ થયા પછી જ્યાં સુધી પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ પણ ઉમેદવાર પરીક્ષા વર્ગખંડ છોડી શકશે નહી. પરીક્ષા પૂર્ણ થતાં વર્ગખંડ નિરીક્ષક રજા આપે ત્યારબાદ જ ઉમેદવારે વર્ગખંડ છોડવાનો રહેશે. ઉમેદવારો માટે પીવાના પાણીની સગવડ વર્ગખંડમાં કરવામાં આવેલ છે. |
| **૨૩** | ઉમેદવારોને વખતો વખતની સૂચના માટે વેબસાઈટ જોતા રહેવા જણાવવામાં આવે છે. |
| **૨૪** | યુનિવર્સિટી તરફથી વખતોવખત જે ચુકાદો / નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે. પરીક્ષા અંગે ઉપસ્થિત થનાર કોઈ પણ પ્રશ્ન અંગે યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે અને કાર્યકારીક્ષેત્ર પાટણ રહેશે. |
| **૨૫** | પરીક્ષાખંડમાં ધુમ્રપાન/ માવા-તમાકુ/ ચા-કોફીનું સેવન પર સંપૂર્ણ નિષેધ છે. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી. |

# લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે દિવ્યાંગ ઉમેદવારોને “લહીયા(Scribe) / વાચક(Reader)"ની સુવિધા આપવા અંગેની માર્ગદર્શિકા :-

- ભારત સરકારના Ministry of Social Justice & Empowerment of Department of Empowerment of persons with Disabilities (Divyangjan) ના તા.૨૯/૦૮/૨૦૨૧૮ ના Office Memorandum ક્રમાંક: F.No.34-02/2015-DD-III મુજબ The Rights of Persons with Disabilities Act, 2016 ની કલમ-૨(r) હેઠળ નિયત કરાયેલ Persons with Benchmark Disability અને લેખન ક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને જો તેઓ ઈચ્છતા હોય તો તેઓને લહિયાની સુવિધા આપવામાં આવશે.

- દિવ્યાંગ ઉમેદવારોને પરીક્ષામાં પ્રતિ કલાકે ૨૦ (વીસ) મિનિટનો વળતર સમય (Compensatory Time) આપવામાં આવશે.

- લહિયાની શૈક્ષણિક લાયકાત જે સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા હોય તે સંવર્ગની નિર્ધારીત લઘુતમ શૈક્ષણિક લાયકાત કરતા એક સ્ટેપ નીચે હોવી જોઇશે. (ઉદાહરણ તરીકે, જો કોઇ સંવર્ગની શૈક્ષણિક લાયકાત ગ્રેજ્યુએટ હોય તો, આ સંવર્ગની સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષા માટે લહીયા/વાચક ની શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૨ પાસેથી વધુ ન હોવી જોઇએ.)

## ❖ લહિયા/વાચકની મંજુરી માટે અરજી કરવાની કાર્યપધ્ધતિ :-

૧. દિવ્યાંગ ઉમેદવાર માટે લહિયો/વાચક યુનિવર્સિટી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૨. લહિયો/વાચકની સુવિધા મેળવવા અર્થે જે તે ઉમેદવારે **પત્રક-૧** મુજબના નિયત નમુનામાં recruitment@ngu.ac.in પર ઈમેલ મારફતે **તા.૦૪/૦૮/૨૦૨૬ સાંજે ૦૫.૦૦** વાગ્યા સુધીમાં અરજી કરવાની રહેશે. નિયત સમયમર્યાદા પછી લહિયા/વાચક માટે કરવામાં આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહિ.

૩. દિવ્યાંગ ઉમેદવારે લહિયા/વાચક મેળવવા અંગેના અરજીપત્રક સાથે દિવ્યાંગતા અંગેનું સક્ષમ મેડીકલ ઓથોરીટી ધ્વારા ઇસ્યુ કરાયેલ પ્રમાણપત્ર અને ઉમેદવારે પોતાની ઓળખ અંગેનું ફોટોવાળું ઓળખપત્રની નકલ જોડવાની રહેશે.

## ❖ લહીયા / વાચક / ઉમેદવારની ફરજો :-

૧. લહીયા/વાચકએ મદદ લેનાર ઉમેદવારને આસાનીથી સ્પર્શી ન શકાય તેટલે દુર બેસવાનું રહેશે.
૨. પ્રશ્ન પુસ્તિકા તથા OMR ઉત્તરપત્ર પરની સુચનાઓ લહીયો/વાચક ઉમેદવારને કાળજીપૂર્વક વાંચી સંભળાવશે. ઉમેદવારની સુચના મુજબ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો વાંચી સંભળાવશે તથા ઉમેદવાર જણાવે તે મુજબની વિગતો અને જવાબ માટે યોગ્ય જગ્યાએ કાળજીપૂર્વક જવાબ અંગેનું ચિહ્ન (એનકોડીંગ) કાળી અથવા ભૂરી બોલપેનથી કરશે. ઉમેદવારની સુચના મુજબ સમય અંગેની માહિતી આપશે.
૩. લહીયો/વાચક પોતાની રીતે કોઇપણ જવાબ અંગેનું ચિહ્ન (એનકોડીંગ) કરશે નહીં. ઉમેદવારને જવાબ તરફ દોરી જતી બાબતો જણાવશે નહીં કે ઈશારો કરશે નહીં કે એવી કોઇ બાબતો નિરીક્ષક સાથે કે વર્ગખંડના અન્યો સાથે ચર્ચા કરશે નહીં.
૪. જો લહીયો/વાચક ગેરશિસ્ત કે ગેરવર્તણૂંક કરતો જણાશેતો તે માટે લહીયાની મદદ લેનાર ઉમેદવાર જવાબદાર રહેશે તેમજ શિસ્ત-વિષયક કાર્યવાહી માટે જવાબદાર ગણાશે અને તેવા ઉમેદવારની પરીક્ષા રદબાતલ થવાપાત્ર રહેશે.
૫. બેન્ચમાર્ક ડીસેબિલીટી ધરાવતા ઉમેદવાર કે લહીયા/વાચક પોતાની પાસે મોબાઇલ, સ્માર્ટવોચ, કેમેરા, સંદેશા વ્યવહારના કોઇપણ પ્રકારના સાધનો, કેલ્યુકેટર કે પરીક્ષા કાર્ય માટે મદદરૂપ થઇ શકે તેવા મેમરી ધરાવતા ઇલેક્ટ્રોનિક સાધનો સાથે રાખી શકશે નહિ અને જો આવા સાધનો ઉમેદવાર/લહીયા પાસેથી મળી આવશે તો ઉમેદવારને ગેરલાયક ગણવા ઉપરાંતની યોગ્ય ફોજદારી શિક્ષાત્મક કાર્યવાહી ઉમેદવાર સાથે કરવામાં આવશે.

## ❖ લહીયા / વાચક માટેની પરવાનગી ધરાવતા ઉમેદવારના નિરીક્ષકની ફરજો :-

૧. દરેક નિરીક્ષકે પોતાના પરીક્ષાખંડમાં પરીક્ષા આપનાર ઉમેદવાર અને તેને મદદ કરનાર લહીયા/વાંચકની વચ્ચે થતો સંવાદ સાંભળી શકે તેમજ લહીયો/વાચક ઉમેદવારની સુચના અનુસાર જ ઉત્તરપત્રમાં જવાબ અંગેના ચિન્હો (એનકોડીંગ) કરે છે કે કેમ ? તેનું ધ્યાન રાખવાનું રહેશે.
૨. નિરીક્ષકે લહીયા/વાચકની ફરજો અંગેની સુચનાઓના ભંગ બદલ યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે અને આ અંગે નિરીક્ષક કેન્દ્ર સંચાલકશ્રી/જવાબદાર અધિકારીને જાણ કરવાની રહેશે.
૩. નિરીક્ષકે ઉમેદવાર તથા લહીયો/વાયક સહી કરે ત્યારબાદ પોતાની સહી કરવાની રહેશે. ઉમેદવારની સહી અને તેઓના ડાબા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે.
૪. નિરીક્ષકે લહીયા/વાચકની સુવિધાઓ મેળવેલ ઉમેદવારો પાસેથી તેઓને આપવામાં આવેલ વળતર સમય પુર્ણ થયા બાદનો બેલ પડે ત્યારે જ OMR શીટ પરત મેળવી લેવાની રહેશે.
૫. નિરીક્ષકે દિવ્યાંગ ઉમેદવાર તથા તેમને ફાળવેલ લહિયાનું **પત્રક – ૨** મુજબનું એકરારનામું લેખિત પરીક્ષા શરુ થયા પહેલા ફરજીયાત મેળવી લેવાનું રહેશે.

# પત્રક -૧

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

લહિયા/વાચકની સુવિધા માટેનું અરજી ફોર્મ

જાહેરાત ક્રમાંક - ૨૪/૨૦૨૫ અન્વયેની જગ્યાનું નામ - ____________________________

દિવ્યાંગ ઉમેદવારની વિગત -

૧. ઉમેદવારનું નામ - ____________________________________

૨. ઉમેદવારનો બેઠક નંબર - _______________________________

૩. ઉમેદવારની જન્મતારીખ -________________________________

૪. ઉમેદવારની ડીસેબીલીટીનો અને લેખન ક્ષમતાની મર્યાદાનો પ્રકાર - _______________

ઉમેદવારની સહી - _____________________________

ઉમેદવારના ડાબા અંગુંઠાનું નિશાન -

# પત્રક -૨

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

જાહેરાત ક્રમાંક - ૨૪/૨૦૨૫ અન્વયેની________________________________ની જગ્યા
માટેની લેખિત પરીક્ષા અંગેનું દિવ્યાંગ ઉમેદવાર અને તેમને ફાળવેલ લહિયા/વાચકનું એકરારનામું

| |
|---|
| લહિયા/વાચકનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ લગાવવો અને તેના પર અડધી સહી આવે તે રીતે લહિયા/વાચકએ સહી કરવી |

**ઉમેદવારની વિગત** -

૧) ઉમેદવારનું નામ – ____________________

૨) બેઠક નંબર – ________________________

૩) મોબાઇલ નંબર – ______________________

**લહિયાની વિગત** -

૧) લહિયાનું નામ – ______________________________________________

૨) મોબાઇલ નંબર – ________________________________

૩) આધારકાર્ડ નંબર – _______________________________

૪) શૈક્ષણિક લાયકાત – ______________________________

૫) જન્મ તારીખ – __________________________________

આથી અમો સોગંદપૂર્વક જણાવીએ છીએ કે અમારી વચ્ચે નીચે મુજબના સંબંધ પૈકીનો કોઈ પણ સંબંધ નથી.

| |
|---|
| માતા, પિતા, ભાઈ, બહેન, પતિ, પત્ની, કાકા, કાકી, દાદા, દાદી, ફોઈ, ફુવા, માસા, માસી, ભાણેજ, ભત્રીજા, ભત્રીજી વગેરે |

**ઉમેદવારની સહી** - __________________  **લહિયા / વાચકની સહી** - ________________

**ઉમેદવારના ડાબા અંગુંઠાનું નિશાન** -  **ઉમેદવારના ડાબા અંગુંઠાનું નિશાન** -